કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઈડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. 16/03/2026 | અંક નં.: 11 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100, Date: 16/03/2026 | Issue No.: 11 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## ઈડર ગઢ નજીક ડુંગર વિસ્તારમાં આગ, વન વિભાગની કામગીરી સામે સવાલ



ઈડરના ઐતિહાસિક ગઢ નજીક આવેલા ડુંગર વિસ્તારમાં કાળઝાળ ગરમી વચ્ચે આગ ભભૂકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. સુકા ઘાસ અને ઝાડીઓમાં લાગી આવેલી આગ થોડા જ સમયમાં ડુંગર વિસ્તારમાં પ્રસરી જતા ભારે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉઠતા જોવા મળ્યા હતા. આગ લાગતાની સાથે સ્થાનિક લોકો તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા અને પોતાના સ્તરે આગ બુઝાવવા પ્રયાસ હાથ ધર્યો હતો. પાણી અને ઉપલબ્ધ સાધનો દ્વારા આગને કાબૂમાં લેવા પ્રયાસ કરાયો હતો. ત્યારબાદ સ્થાનિક ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી જેથી આગ વધુ ફેલાય નહીં તે માટે કામગીરી હાથ ધરાઈ હતી.પરંતુ આ સમગ્ર ઘટનામાં વન વિસ્તાર હોવા છતાં વન વિભાગની પૂર્વ તૈયારી અને દેખરેખ અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. ઉનાળાના સમયમાં ડુંગર અને જંગલ વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓ અટકાવવા માટે પેટ્રોલિંગ, આગ નિયંત્રણ માટેના ઉપાયો અને તાત્કાલિક પ્રતિસાદની વ્યવસ્થા વન વિભાગ દ્વારા રાખવી જરૂરી હોય છે. છતાં આવી ઘટના બનતા વન વિભાગની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જો સમયસર દેખરેખ અને જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હોત તો આગ આટલી ઝડપથી ફેલાઈ ન હોત. આગના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ધુમાડો ફેલાતા આસપાસના વિસ્તારોમાં પણ ચિંતા અને ભયનો માહોલ સર્જાયો હતો. હાલ આગને સંપૂર્ણ કાબૂમાં લેવા માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, પરંતુ આવી ઘટનાઓ ફરી ન બને તે માટે વન વિભાગે જવાબદારીપૂર્વક કામગીરી કરવી જરૂરી હોવાનું સ્થાનિકોમાંથી માંગ ઉઠી રહી છે.

## લગનના બહાને લાખોની લૂંટ : હિંમતનગરમાં લૂંટેરી દુલ્હન ગેંગ પકડાઈ



હિંમતનગરમાં લગ્નના બહાને યુવકોને ફસાવી લાખો રૂપિયાની છેતરપિંડી કરતી લૂંટેરી દુલ્હન ગેંગનો પર્દાફાશ થતાં સાબરકાંઠા જિલ્લામાં ચકચાર મચી છે. આ ગેંગ સામે વધુ બે ફરિયાદ નોંધાતા સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસે અત્યાર સુધી નવ આરોપીઓની ગેંગમાંથી બે મહિલા સહિત ચાર આરોપીની ધરપકડ કરી છે જ્યારે બાકીના આરોપીઓને ઝડપી લેવા માટે તપાસ તેજ કરવામાં આવી છે. માહિતી મુજબ આ ગેંગ લગ્ન ઇચ્છુક યુવકોને પોતાની જાળમાં ફસાવી મેરેજ બ્યુરો મારફતે લગ્ન કરાવતી હતી. લગ્ન પછી ચારથી પાંચ દિવસમાં જ કોઈને કોઈ બહાનું બનાવી યુવકને છોડીને ભાગી જતી હતી અથવા તો ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી છૂટાછેડા લેવા દબાણ કરવામાં આવતું હતું. ત્યારબાદ છૂટાછેડા લઈ ફરી અન્ય યુવક સાથે લગ્ન કરી ફરીથી આ જ પ્રકારની છેતરપિંડી આચરવામાં આવતી હતી. તપાસમાં સામે આવ્યું છે કે હિંમતનગર શહેરના કાંકણોલ રોડ પર આવેલી અર્બુદા નગર સોસાયટીમાં રહેતા મનોજભાઈ બાબુલાલ સોની અને તેમની પત્ની કવિતાબેન મનોજભાઈ સોની પોતાના ઘરે “દિવ્ય શક્તિ મેરેજ બ્યુરો” નામથી મેરેજ બ્યુરો ચલાવતા હતા. તેઓ લગ્ન એજન્ટ તરીકે ઓળખ આપી પોતાના મરતીયાઓ મારફતે યુવકોને ફસાવી બોગસ લગ્ન કરાવી લાખો રૂપિયાની છેતરપિંડી કરતા હતા. હિંમતનગરના બી-ડિવિઝન પોલીસ મથકે આ ગેંગ સામે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે કાર્યવાહી કરી નવ પૈકી ચાર આરોપીની ધરપકડ કરી છે. ત્યારબાદ આ ગેંગના ભોગ બનેલા અન્ય લોકો આગળ આવતા હિંમતનગર બી-ડિવિઝન અને તલોદ પોલીસ મથકે વધુ બે ફરિયાદો નોંધાઈ છે. હાલ સુધીમાં ચાર જેટલા યુવકો સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે અને હજુ કેટલા લોકો આ ગેંગના શિકાર બન્યા છે તેની દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર મામલે હિંમતનગર બી-ડિવિઝન પોલીસ દ્વારા ભોગ બનનાર લોકોને આગળ આવવા અપીલ કરવામાં આવી છે અને તેના માટે મોબાઈલ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે જેથી કોઈપણ ભોગ બનનાર વ્યક્તિ પોલીસનો સીધો સંપર્ક કરી શકે.સાથે સાથે હવે આ ગેંગના અન્ય સાગરિતો કોણ છે, આ ટોળકી બ્લેકમેલિંગ અથવા હનીટ્રેપ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલી હતી કે નહીં તે દિશામાં પણ સઘન તપાસ કરવાની માંગ ઉઠી છે. જો આવી ગેંગો સામે સમયસર કડક કાર્યવાહી નહીં થાય તો વધુ લોકો આવા ઠગોના શિકાર બની શકે તેવી શક્યતા છે.આથી સમાજમાં જનજાગૃતિ લાવવા, ભોગ બનનાર લોકોને ન્યાય મળે અને આવા ઠગાઈના રેકેટનો સંપૂર્ણ ભાંડાફોડ થાય તે માટે જિલ્લા પોલીસવડા તેમજ હિંમતનગર બી-ડિવિઝન પોલીસ દ્વારા વધુ કડક અને અસરકારક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી રહી છે.

## સાબરકાંઠા કલેક્ટર કચેરી ખાતે ગેસ એજન્સીઓ સાથે સમીક્ષા બેઠક મળી



સાબરકાંઠા જિલ્લાના નાગરિકોને ઘરેલુ ગેસનો પૂરતો જથ્થો મળી રહે અને વિતરણ વ્યવસ્થા સુચારૂ રહે તે હેતુથી જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુના માર્ગદર્શન હેઠળ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જિલ્લા પૂરવઠા અધિકારી મૌલિક ડાંગાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ જિલ્લાકક્ષાની બેઠકમાં કંપનીના અધિકારીઓએ ખાતરી આપી હતી કે, જિલ્લામાં ઘરેલુ LPG કનેક્શન તેમજ CNG અને PNG માટે પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે અને પૂરવઠાની કોઈ અછત નથી.આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાઓમાં કાર્યરત કુલ ૨૦ ગેસ એજન્સીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેમાં IOCLની ૧૦, BPCLની ૦૬ અને HPCLની ૦૪ એજન્સીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત IOCL, HPCL અને BPCLના સેલ્સ ઓફિસર તેમજ સાબરમતી ગેસ એજન્સીના મેનેજર પણ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં રાજ્ય સરકારની સૂચનાઓનો હવાલો આપી ગેસ એજન્સીઓને કડક તાકીદ કરી હતી કે, જિલ્લામાં LPG સિલિન્ડરોનો બિનજરૂરી સંગ્રહ કે કાળાબજારી ન થાય તેની પૂરતી તકેદારી રાખવી, ગેસ એજન્સી ધારકોએ ગ્રાહકોને નિશ્ચિત સમયમર્યાદામાં સિલિન્ડર પૂરા પાડવા ઉપરાંત નિયત ભાવ, સત્તાવાર રિસિપ્ટ અને નિર્ધારિત વજન મુજબ જ ગેસનું વિતરણ કરવાની ખાતરી કરવા જણાવાયું હતું. ગ્રાહક સેવાઓમાં કોઈ પણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં આવશે નહીં તેમ સ્પષ્ટ કરાયું હતું.વહીવટી તંત્ર દ્વારા ગેસ વિતરણ વ્યવસ્થા પર ચાંપતી નજર રાખવા માટે તમામ તાલુકાના મામલતદારો, નાયબ મામલતદાર (પૂરવઠા) અને નાયબ મામલતદાર (MDM)ને તાલુકાકક્ષાએ નિયમિત બેઠકો યોજવા આદેશ અપાયો છે. આ અધિકારીઓને દૈનિક ધોરણે ગેસની માંગ અને પૂરવઠાનું સઘન મોનિટરીંગ કરવા સૂચના આપવામાં આવી છે. જો કોઈ ગેસ એજન્સી ગેરરીતિ આચરતા ઝડપાશે તો તેની સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. અંતમાં, જિલ્લા વહીવટી તંત્ર અને ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ સંયુક્ત રીતે જનતાને અપીલ કરી છે કે, જિલ્લામાં ગેસનો જથ્થો પૂરતો હોવાથી નાગરિકોએ ગભરાવાની કે બિનજરૂરી સંગ્રહ કરવાની જરૂર નથી. ગ્રાહકોને જરૂરિયાત વગર એડવાન્સ બુકિંગ ન કરવા અને સંગ્રહખોરીથી બચવા અનુરોધ કરાયો છે.

**સાબરકાંઠામાં LPG સિલિન્ડરનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાનો સૂર : LPG કનેક્શન તેમજ CNG અને PNG પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ**

************************************************************************************************

# કોર્ટમાં ભાવુક ક્ષણ... ઇચ્છામૃત્યુ કેસે જસ્ટિસ પારડીવાલાને પણ રડાવ્યા



13 વર્ષથી ગંભીર શારીરિક અશક્તતામાં જીવતા હરિશ રાણાના કેસમાં સુપ્રીમ કોર્ટમાં ભાવુક દ્રશ્ય જોવા મળ્યું. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે કેસની સુનાવણી દરમિયાન મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો.સુનાવણી દરમિયાન હરિશ રાણાની લાંબા સમયથી ચાલતી પીડા અને તેમની શારીરિક સ્થિતિ અંગે ચર્ચા થતાં જસ્ટિસ જે.બી. પારડીવાલા ભાવુક બની ગયા હતા. કહેવામાં આવે છે કે આ દરમિયાન તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા અને કોર્ટરૂમમાં થોડા સમય માટે ભાવુક મૌન છવાઈ ગયું હતું.જસ્ટિસ પારડીવાલાએ નોંધ્યું હતું કે આ કેસ માત્ર કાનૂની મુદ્દો નથી પરંતુ માનવ પીડા અને ગૌરવ સાથે જોડાયેલો પ્રશ્ન છે. કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી અસહ્ય પીડા વચ્ચે જીવતો હોય ત્યારે તેની પરિસ્થિતિને સમજવી અને માનવતા આધારિત નિર્ણય લેવો જરૂરી બને છે.માહિતી મુજબ વર્ષ 2013માં બિલ્ડિંગમાંથી પડી જતાં હરિશ રાણા ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યારથી તેઓ ગંભીર શારીરિક અશક્તતામાં જીવતા હતા અને છેલ્લા 13 વર્ષથી સંપૂર્ણપણે બીજાઓ પર નિર્ભર જીવન જીવી રહ્યા હતા.કેસની પરિસ્થિતિ અને તબીબી અહેવાલોને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટએ ગૌરવપૂર્ણ મૃત્યુના અધિકારને ધ્યાનમાં રાખી લાઈફ સપોર્ટ હટાવવાની મંજૂરી આપી છે. આ ચુકાદા બાદ દેશમાં ઇચ્છામૃત્યુ મુદ્દે ફરી ચર્ચા શરૂ થઈ છે.

# ગુનેગારોને કડક સંદેશ, ભૂમાફિયાઓ પર બુલડોઝર અને ઝીરો ટોલરન્સની ચેતવણી: હર્ષ સંઘવી

ગુજરાત વિધાનસભામાં ગૃહ, જેલ અને કાયદા-ન્યાયતંત્ર વિભાગોની કુલ ₹16,967 કરોડની અંદાજપત્રિય માંગણીઓ પસાર થતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુનેગારો, આતંકીઓ અને ભૂમાફિયાઓને કડક સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ગુજરાતમાં દાદાગીરી અને ગુનાખોરી સહન નહીં થાય અને અસામાજિક તત્વો સામે સરકાર કડક કાર્યવાહી ચાલુ રાખશે.ચર્ચાનો જવાબ આપતા સંઘવીએ જણાવ્યું કે રાજ્ય સરકારનો મંત્ર સ્પષ્ટ છે – ગુનેગારો માટે ઝીરો ટોલરન્સ અને સામાન્ય નાગરિક માટે ત્વરિત ન્યાય. ગૃહ વિભાગ માટે ₹14,265 કરોડ અને કાયદા-ન્યાયતંત્ર વિભાગ માટે ₹2,702 કરોડની જોગવાઈ સાથે રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લેવાયો છે.આતંકવાદ સામે કડક કાર્યવાહી અંગે તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત ATS દ્વારા અલ-કાયદા અને ISKP જેવા આતંકી સંગઠનો સાથે જોડાયેલા 29 આતંકીઓને ઝડપવામાં આવ્યા છે. અયોધ્યા રામ મંદિર પર હુમલાનું કાવતરું રચનાર આતંકીને પણ જીવતા ગ્રેનેડ સાથે ઝડપી લેવાયો હતો.દીકરીઓની સુરક્ષા મુદ્દે તેમણે જણાવ્યું કે પોક્સો એક્ટ હેઠળ છેલ્લા ચાર વર્ષમાં 1,439 કેસોમાં સજા ફટકારાઈ છે. જેમાં 907 ગુનેગારોને આજીવન કેદ અને 14 નરાધમોને ફાંસીની સજા આપવામાં આવી છે.રાજ્યમાં ભૂમાફિયાઓ અને ગેરકાયદેસર દબાણ સામે સરકારના 'દાદાનું બુલડોઝર' અભિયાન હેઠળ માત્ર છ જિલ્લાઓમાં 7,902 ગેરકાયદેસર સાઈટ્સ પર કાર્યવાહી કરીને 1,807 હેક્ટર જમીન દબાણમુક્ત કરવામાં આવી છે, જેની બજાર કિંમત અંદાજે ₹2,246 કરોડ થાય છે.પોલીસ કર્મચારીઓ માટે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય લઈ 20,400થી વધુ નવા પોલીસ આવાસોને મંજૂરી આપી છે. જૂના 1-BHK મકાનોને બદલે હવે સુવિધાસભર 2-BHK આવાસો આપવામાં આવશે.સંઘવીએ જણાવ્યું કે 'BHARAT' વિઝન અંતર્ગત સીમા સુરક્ષા, સાયબર સુરક્ષા અને ટેકનોલોજી આધારિત પોલીસિંગને વધુ આધુનિક બનાવી ગુજરાતને વધુ સુરક્ષિત બનાવવામાં આવશે.

# હિંમતનગર તાલુકાના બેરણા ગામે ઘંઉના ખેતરમાં આગ, ખેડૂતનો વીજ કંપની પર આક્ષેપ



હિંમતનગર તાલુકાના બેરણા ગામે ખેડૂતના ઘઉંના ખેતરમાં આગ લાગવાની ઘટના સામે આવી છે, જેમાં અઢી વીઘામાં વાવેલ ઘઉંનો પાક બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી મુજબ બેરણા ગામે અચાનક ઘઉંના ખેતરમાં આગ ફાટી નીકળતા થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ લાગતા ખેડૂત અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને આગ બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ઘઉંનો મોટો ભાગ બળી ગયો હતો. ખેડૂતના જણાવ્યા મુજબ વીજ કંપનીની બેદરકારીના કારણે ખેતરમાં આગ લાગી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વીજ લાઇનમાંથી નીકળેલી ચીંગારીના કારણે સુકાયેલા પાકમાં આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનામાં અઢી વીઘામાં વાવેતર કરાયેલ ઘઉં બળીને નષ્ટ થતા ખેડૂતને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. સ્થાનિક ખેડૂતો દ્વારા ઘટનાની તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવાની તેમજ ખેડૂતને યોગ્ય વળતર આપવાની માંગ ઉઠી છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં અજાણ્યા પુરુષની લાશ મળી, મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ..





ખેડબ્રહ્માની હરણાવ નદીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી લાશ મળવાની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચીઅજાણ્યા પુરુષની ઓળખ કરવા પોલીસે તપાસ હાથ ધરી પુરુષના મોતનું કારણ જાણવા લાશને સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવી લાશ મળવાના સમાચાર ફેલાતા સ્થાનિકોના ટોળા ઉમટ્યા

**હરણાવ નદીમાંથી અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળતા પોલીસ દોડતી મોતના કારણની તપાસ શરૂ**

# સાબરકાંઠા જિલ્લામાં વિકાસના કામોને નવલપુરથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિકાસકાર્યોને ગતિ





સાબરકાંઠા જિલ્લામાં વિકાસના કામોને વધુ ગતિ આપવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નવલપુર ગામે પહોંચ્યા હતા. નવલપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન નવલપુર ગામે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને લોકભાગીદારીથી કરવામાં આવેલા તળાવના બ્યુટીફિકેશન, સ્ટોર્મ વોટર લાઇન તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત તલોદ અને પ્રાંતિજ તાલુકાના બસ ડેપોને આધુનિક બનાવવાના કામોનું પણ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે નવી GIDC સ્થાપવા માટે ઈ-ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. નવલપુર ગામ સમરસ ગ્રામ પંચાયત તરીકે ઓળખાય છે અને અહીં સરપંચથી લઈને પંચાયતના સભ્યો સુધી તમામ જગ્યાએ મહિલાઓનું નેતૃત્વ જોવા મળે છે.ખાસ વાત એ છે કે સાબરકાંઠા જિલ્લા પંચાયતનું નેતૃત્વ પણ આ જ ગામની ભારતીબેન પટેલ સંભાળી રહ્યા છે.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવલપુર ગામમાં થયેલા વિકાસકાર્યો અને મહિલાઓના સશક્ત નેતૃત્વની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે સાબરકાંઠાના પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાઝાએ પણ વિકાસના વિવિધ મુદ્દાઓ અંગે માહિતી આપી હતી.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

******************************************************************************************************

# સાબરકાંઠા જિલ્લામાં શાળા કર્મચારી સંઘે પડતર પ્રશ્નોની મુખ્યમંત્રીને રજૂઆત કરી

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિએ તાજેતરમાં મુખ્યમંત્રીને પડતર પ્રશ્નો અંગે લેખિત રજૂઆત કરી સમિતિએ ચેતવણી આપી છે કે જો અમારા પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આગામી સમયમાં આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કર્મચારી સંઘ કાર્યરત છે, જે રાજ્યના શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે સતત પ્રયત્નશીલ રહે છે. તાજેતરમાં તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક લેખિત રજૂઆત કરી છે.આ રજૂઆતમાં શિક્ષકો અને શાળાઓ સંબંધિત કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

છેલ્લા ઘણા સમયથી સરકાર દ્વારા કર્મચારીઓના હિતમાં લેવાયેલા નિર્ણયોનો અમલ ન થવાને કારણે તથા અધિકારીઓના ખોટા અર્થઘટનને લીધે અનેક પ્રશ્નો વણઉકેલ્યા રહ્યા છે. આ સંદર્ભે ૧૧ પ્રશ્નોની યાદી સાથે મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરાઈ છે. તેમની મુખ્ય માંગણીઓમાં ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય તથા જૂના શિક્ષક તરીકે શાળા બદલનાર શિક્ષકોને છેલ્લા એક વર્ષથી વધુ સમયથી સેવા જોડાણના નામે આજ દિન સુધી ઓપીએસનો લાભ ન મળવાનો મુદ્દો, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં આશરે ૧૭૦૦ થી વધુ ક્લાર્ક અને ૨૦૦૦ થી વધુ સેવકની જગ્યાઓ ખાલી છે. કાયમી ભરતી ન થાય ત્યાં સુધી કરાર આધારિત સહાયક એકાઉન્ટ સેવક વર્ષ ૨૦૨૬ માં શરૂ થતા શૈક્ષણિક સત્ર પહેલા આપવામાં આવે તેવી માંગ છે.ઉપરાંત નિવૃત્તિ વિષયક લાભોમાં સરકાર દ્વારા એનપીએસ કે ઓપીએસ વાળા કર્મચારીઓ વચ્ચે ભેદભાવભરી નીતિ ન રાખવામાં આવે તેવી પણ માંગણી છે. આ સંદર્ભે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કર્મચારી સંઘના સમિતિના પ્રમુખ ભાનુભાઈ એ પટેલે જણાવ્યું કે અમે અવાર-નવાર સરકાર સમક્ષ રજૂઆતો કરી છે પરંતુ અમારી રજૂઆતો આજ દિવસ સુધી ધ્યાને લેવાઈ નથી જેને કારણે તાજેતરમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં અમારા પડતર પ્રશ્નો અંગે લેખિત રજૂઆત કરી છે આગામી જુન ૨૦૨૬ માં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલો જો નિર્ણય નહીં લેવામાં આવે તો ન છૂટકે અમને ગાંધીજી માર્ગે સત્યાગ્રહ પર જવાની ફરજ પડશે.

# રાજસ્થાનથી હિંમતનગર આવતી ખાનગી લકઝરીમાંથી રૂ.૩.૪૫ લાખનો દારૂ પકડાયો



હિંમતનગરમાંથી રાજસ્થાન તરફથી આવતા નેશનલ હાઈવે પર સાબરડેરી બ્રિજ પાસે મંગળવારે રાત્રે એ-ડીવીઝન પોલીસે વોચ ગોઠવી બાતમીને આધારે લક્ઝરીમાંથી ૩.૪૫ લાખનો દારૂના જથ્થા સાથે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી ૧૩.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજસ્થાનથી હિંમતનગર થઈ ગુજરાતમાં અન્ય સ્થળે રોજબરોજ કેટલાક શખ્સો પાસ પરમીટ વિના દારૂ અને બિયરની વાહનોમાં ભરી હેરાફેરી કરી રહયા છે ત્યારે મંગળવાર હિંમતનગર એ-ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી શામળાજી થઈ અમદાવાદ તરફ જતી લક્ઝરી નંબર આરજે.૧૯પીબી.૬૯૧૪ માં બે જણા પ્લાસ્ટીકની થેલીઓમાં દારૂ ભરી હિંમતનગર થઈ સાબરડેરી તરફ આવી રહયા છે.જે બાતમીને આધારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એમ.ચૌધરી તથા સ્ટાફ ના એએસઆઈ સલીમભાઈ, મિતરાજસિંહ, અશ્વિન સિંહ, જયરાજસિંહ સાથે વોચ ગોઠવીને બાતમી મુજબ આવી રહેલ લક્ઝરીની ઝડતી લીધી હતી જયાં લક્ઝરી બસની વચ્ચેની સીટના ગુપ્ત ખાનામાં રખાયેલ અંદાજે રૂ.૩.૪૫ લાખની પ્લાસ્ટીકની થેલીમાં ભરેલ દારૂ અને બિયરની ૯૬ બોટલો મળી આવતા કબ્જે લેવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે નાનુરામ નનોમા(મીણા) (રહે.લાપીયા, તા.આસપુર, જિ.ડુંગરપુર, રાજસ્થાન) અને પ્રતાપસિંહ ચૌહાણ (રહે.૪૨,પડાવાડા, તા.જિ. સલુમ્બર, રાજસ્થાન)ની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે રૂ.૩.૪૫ લાખનો દારૂ, લક્ઝરી, મોબાઇલ સહિત ૧૩.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલ બે સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી-સાબરકાંઠામાં બે વર્ષમાં ૩૧ બાળકો લાપતા :કોંગ્રેસના સરકાર આકરા પ્રહાર




ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બાળકો ગુમ થવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે, જેને લઈને કોંગ્રેસે રાજ્ય સરકારની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.વિધાનસભામાં રજૂ થયેલા આંકડાઓ મુજબ, છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ૧૫ બાળકો અને અરવલ્લી જિલ્લાના ૧૬ બાળકો મળી કુલ ૩૧ બાળકો હજુ સુધી શોધી શકાયા નથી. આ બાબતે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને ખેડબ્રહ્મા ના ધારાસભ્ય ડો. તુષારભાઈ ચૌધરીએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દરેક ગુમ થયેલું બાળક પરિવાર માટે અસહ્ય પીડા અને અસુરક્ષાની લાગણી જન્માવે છે. રાજ્ય સરકાર સુરક્ષાના મોટા દાવા કરે છે, પરંતુ જમીની હકીકત આ આંકડાઓ સ્પષ્ટ રીતે બતાવી રહ્યા છે.ગુમ થયેલા બાળકોને શોધવા માટે સરકારે વધુ સક્રિય અને અસરકારક કામગીરી કરવી અનિવાર્ય છે.બીજી તરફ, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઇ પટેલ તથા સાબરકાંઠા કોંગ્રેસના અગ્રણીઓએ આ મામલે સરકાર પાસે કડક પગલાંની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે, ગુમ થયેલા બાળકો અને મહિલાઓને શોધવા માટે તાત્કાલિક ધોરણે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવી જોઈએ. ઉપરાંત માનવ તસ્કરી જેવા સંગઠિત ગુનાઓની સંભાવનાઓને ધ્યાને રાખી ઊંડાણપૂર્વક તપાસ થવી.

# હિંમતનગરના મોતીપુરાના કોલેજ રોડ પરના ૭૦થી વધુ દબાણોનો સફાયો



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં નેશનલ હાઈવે ૪૮ પર દબાણ હટાવવાની કાર્યવાહી મંગળવારે શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે નગરપાલિકાના દબાણ વિભાગ દ્વારા જેસીબી તથા સ્ટાફ સાથે મંગળવારે સવારથી જ મોતીપુરામાંથી પસાર થતા સહકારી જીનથી જીઆઈડીસી સુધીના બંને તરફના સર્વિસ રોડ પરના કાચા-પાકા દબાણો દૂર કરવાનું શરૂ કરતાંની સાથે જ આ વિસ્તારમાં કેટલાક દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. દિવસ દરમ્યાન નગરપાલિકાએ અંદાજે ૭૦થી વધુ કાચા-પાકા બાંધકામ જેસીબીથી દુર કરી દેવાતાં સર્વિસ રોડ પહોળો બની ગયો છે.આ અંગે નગરપાલિકા ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી તથા દબાણ વિભાગના દિપક જાનીના જણાવાયા મુજબ છેલ્લા ઘણા વખતથી અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવેની સાઈડોમાં લોકોએ તંત્રની પરવાનગી વગર કાચા-પાકા બાંધકામ કરી દીધા હોવાને કારણે રોજબરોજ આ વિસ્તારમાં ટ્રાફિકજામની સમસ્યા ઉદભવતી હતી.એટલુ જ નહીં પણ વાહન ચાલકો ઉતાવળ અથવા તો ભુલને કારણે કે પછી ઓવરસ્પિડને લીધે અકસ્માત પણ થતા હતા જેમાં અનેક નિર્દોષોએ જીવ ઘુમાવ્યા છે.દરમ્યાન આગામી બે-ચાર દિવસમાં નગરપાલિકાના ચુંટાયેલા હોદ્દેદારોની મુદત પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે મંગળવારે નગરપાલિકાના દબાણ હટાવ વિભાગ દ્વારા સહકાર જીનથી જીઆઈડીસી સુધીનો સર્વિસ રોડ કે જે હયાત ૮ મીટરનો છે તેનો વ્યાપ વધારવાના આશયથી રોડ પૈકીના તથા સરકારી જમીનમાં કરાયેલા દબાણો દુર કરવાનું શરૂ કર્યું હતું. જેના ભાગરૂપે સર્વિસ રોડની બંને તરફ આવેલા ૭૦થી વધુ કાચા-પાકા દબાણો દુર કરવા માટે જેસીબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે પછી જયારે આ કાટમાળ દુર થઈ ગયા બાદ રોડ ૧૨ મીટરનો બનશે ત્યારે મોતીપુરા વિસ્તારમાં રોજબરોજ થતી ટ્રાફિકની સમસ્યાનો નિવેડો આવે તેવી શકયતા દર્શાવાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી હિંમતનગરની ગીચ વસ્તીમાં આવેલી મોટાભાગની હોસ્પિટલો સરકારી જીન વિસ્તાર તરફ ખસી રહી છે ત્યારે રોજબરોજ સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા આવતા દર્દીઓને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હતો તેમાં હવે મહદઅંશે ઘટાડો થવાની શકયતા છે. જોકે વાહન ચાલકોએ પણ જરૂર પડે આ વિસ્તારમાં આવવાનું થાય ત્યારે તેમણે પોતાના વાહન અન્ય કોઈને અડચણરૂપ ન બને તેવી રીતે મુકવા જોઈએ અથવા તો પોલીસ અને આરટીઓ દ્વારા વધુ બંદોબસ્ત ગોઠવવાની વ્યવસ્થા કરવી જોઈએ તે સમયની માંગ છે.

## હિંમતનગરના મોતીપુરા કોલેજ રોડ પરના સર્વિસ રોડ ૧૩ મીટરનો બનાવવા નગરપાલિકાએ દબાણો દુર કરવાનું શરૂ કર્યું

*******************************************************************************************************************

# હિંમતનગરમાં એ.આર. કન્સલ્ટન્સી પોન્ઝી સ્કીમ કૌભાંડ ત્રણ કરોડથી વધુની છેતરપિંડી મામલે મુખ્ય આરોપી પોલીસ જાળમાં



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં એ.આર. કન્સલ્ટન્સી નામની પેઢી દ્વારા પોન્ઝી સ્કીમ ચલાવી રોકાણકારોને આકર્ષક વળતરની લાલચ આપી કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનો મોટો ભંડાફોડ થયો છે. ત્રણ કરોડથી વધુની છેતરપિંડીના કેસમાં હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. મુખ્ય આરોપીની અટકાયત બાદ સમગ્ર કૌભાંડમાં હજુ વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે એ.આર. કન્સલ્ટન્સી નામની પેઢીના સંચાલકો દ્વારા લોકોને ત્રણ ટકા થી લઈ દસ ટકા સુધીના ઊંચા વળતરની લાલચ આપી મોટી સંખ્યામાં રોકાણ કરાવવામાં આવ્યું હતું. સંચાલકો તથા તેમના એજન્ટો દ્વારા રોકાણકારોને ફોરેક્સ ટ્રેડિંગમાં નાણાં રોકાણ કરવાથી અનેક ગણું નફો મળશે તેવી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. આ લાલચમાં આવી અનેક રોકાણકારોએ લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું.પરંતુ સમયસર વળતર ન મળતા અને મૂડી પણ પરત ન થતા રોકાણકારોમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો. અંતે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રોકાણકારોએ લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી આરોપીઓને ઝડપી લેવા માટે અલગ અલગ ત્રણથી વધુ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી.તપાસ દરમિયાન પોલીસે એ.આર. કન્સલ્ટન્સીની ઓફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને કેટલાક મહત્વના દસ્તાવેજો કબજે લીધા હતા. પોલીસે એક ફરિયાદી તથા આશરે દસ જેટલા સાક્ષીઓના નિવેદનો લઈ મહત્વપૂર્ણ પુરાવાઓ એકત્રિત કર્યા છે. તપાસમાં બહાર આવ્યું છે કે સંચાલકો દ્વારા રોકાણકારોને તેમના નાણાં બીટકોઈન તથા યુએસડીટીમાં બાય-સેલ કરવાના હોવાનું જણાવી રાષ્ટ્રીયકૃત બેંકો કરતા વધુ વ્યાજ આપવાની લાલચ આપી રોકાણ કરાવવામાં આવતું હતું.રોકાણકારો પાસેથી વિવિધ રકમ સ્વીકારી અંદાજે અગિયાર મહિના સુધી ન તો વળતર ચૂકવાયું અને ન તો મૂડી પરત આપવામાં આવી. હાલ સુધી દસથી વધુ રોકાણકારો દ્વારા અંદાજે ત્રણ કરોડ બેયાલીસ લાખ રૂપિયા જેટલું રોકાણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. નક્કી કરેલા વળતર કે મૂડી પરત ન મળતા અંતે રોકાણકારોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ નોંધાયા બાદ પોલીસે આરોપીઓને શોધવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અગાઉ બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા જ્યારે ગત રોજ મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં પોલીસને સફળતા મળી છે. મુખ્ય આરોપીની અટકાયત બાદ સમગ્ર કૌભાંડમાં વધુ રોકાણકારો અને વધુ રકમનો ખુલાસો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના અનેક રોકાણકારોને આકર્ષક સ્કીમોની લાલચ આપી રોકાણ કરાવવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે મુખ્ય આરોપીની પૂછપરછ શરૂ કરી છે અને આવનારા દિવસોમાં આ સમગ્ર પોન્ઝી સ્કીમ કૌભાંડમાં વધુ મોટા ખુલાસા થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સાબરકાંઠા જિલ્લામાં વધતી ગરમીને ધ્યાનમાં રાખી શાળાઓમાં ઉનાળું વેકેશન પહેલા સવારના સમયથી અભ્યાસ શરૂ કરવાની માંગ.....




અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાતના અધ્યક્ષ મીતેશભાઇ ભટ્ટ અને મહામંત્રી પરેશકુમાર પટેલે તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાને લેખિત રજૂઆત કરી માંગણી કરી છે કે ઉનાળામાં પડી રહેલ ગરમીને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા સહિત રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા બાળકોને આરોગ્યના હિતખાતર ઉનાળુ વેકેશન પડે ત્યાં સુધી શાળાઓનો સમય સવારનો રાખવો જોઈએ.શૈક્ષિક મહાસંઘના અગ્રણીઓના જણાવાયા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી સાબરકાંઠા સહિત ગુજરાતમાં અન્ય સ્થળે ગરમીનો પારો ઉંચે જઈ રહયો છે જેના લીધે કેટલેક ઠેકાણે યલો એલર્ટ અપાયું છે. સતત પડી રહેલી ગરમીને કારણે બપોર થતાની સાથે જ જાહેર રસ્તાઓ સુમસામ બની જાય છે. જેની મહાસંઘે રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય ઉનાળુ વેકેશન સુધી સવારનો કરવા વિનંતી કરી છે. સતત પડી રહેલ ગરમીની સ્થિતિમાં વિદ્યાર્થીઓને લૂ લાગવાની અને બિમાર પડવાની શક્યતા વધી જાય છે. ગરમીના કારણે વિદ્યાર્થીઓની હાજરી અને શૈક્ષણિક કાર્ય પર પણ નકારાત્મક અસર જોવા મળે છે.જેથી હિટવેવની અસરોથી બાળકોને બચાવવા માટે શાળાઓના સમયમાં સત્વરે ફેરફાર કરવો જોઈએ.








# હિમતનગર શહેરના સહકારી જીન વિસ્તારમાં નગરપાલિકાનું દબાણ હટાવ અભિયાન 10 વધુ દબાણો જેસિબીથી દૂર.

હિંમતનગર શહેરના સહકારી જીન વિસ્તારમાં નગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વિસ્તારમાં લાંબા સમયથી સરકારી જમીન અને માર્ગ પર કેટલાક વેપારીઓ અને લોકો દ્વારા કરવામાં આવેલા દબાણોને કારણે ટ્રાફિક તેમજ અવરજવર સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ રહી હતી.આ સમસ્યાને દૂર કરવા માટે નગરપાલિકાની ટીમ મંગળવારથી કામગીરી શરૂ કરી હતી, જે બુધવારે પણ ચાલુ રહી. ઝુંબેશ દરમિયાન જેસિબી મશીનની મદદથી અંદાજે 10થી વધુ દબાણો દૂર કરીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.દબાણ હટાવ કામગીરી દરમિયાન નગરપાલિકાના અધિકારીઓ, પોલીસ સ્ટાફ તેમજ સ્થાનિક લોકો હાજર રહ્યા હતા. નગરપાલિકાએ જણાવ્યું હતું કે આવનારા સમયમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે જેથી ટ્રાફિક વ્યવસ્થા સુધરે અને નાગરિકોને સરળ અવરજવર મળી રહે.

## હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કૉલેજ, હિંમતનગર દ્વારા તારીખ ૧૨/3/૨૦૨૬ ના રોજ કવચ કેન્દ્ર (CAWACH)સાઈબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, હિંમતનગર ની વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ મુલાકાત




હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર દ્વારા તા. ૧૨/03/૨૦૨૬ના રોજ કવચ કેન્દ્ર (CAWACH) સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, હિંમતનગરની શૈક્ષણિક મુલાકાત યોજવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ સાયબર ક્રાઇમ વિભાગની કામગીરીને નજીકથી જાણવાની તક મેળવી હતી.સાયબર ક્રાઇમ વિભાગના પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા ઓનલાઈન ઠગાઈ, ફિશિંગ, હેકિંગ, સોશિયલ મીડિયા દુરૂપયોગ, બેન્કિંગ ફ્રોડ સહિતના વિવિધ પ્રકારના સાયબર ગુનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સાથે જ સાયબર ગુનાઓ સામે સાવચેતી રાખવાના ઉપાયો, ડિજિટલ સુરક્ષા જાળવવાની રીતો અને ફરિયાદ નોંધાવવા માટેની કાનૂની પ્રક્રિયા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો અને પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. લૉ કોલેજના સ્ટાફ મિત્રોના સહયોગ અને યોગ્ય આયોજનને કારણે આ શૈક્ષણિક મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

*****************************************************************************************